dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
September 2012 For private circulation only Vol. 04 - Issue 89

તમારા સુખમાં જો બીજાને સાથીદાર બનાવતાં તમને આવડે, અને બીજાના દુઃખમાં ભાગીદાર બનતાં તમને આવડે તો જગતના જીવમાત્ર સાથે મૈત્રી જમાવતાં તમને કોઈ જ અટકાવી શકે એમ નથી.

રત્નસુંદરવિજયજી

જિંદગીની સ્મરણયાત્રામાં સારા મિત્રોનું સ્મરણ એ સૌથી સુખદ અનુભવ છે. કારણ કે, એ બહુ અલ્પ હોય છે.

ચિનુ મોદી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

કવિતા ઓછા શબ્દોમાં ઘણું કહેવાની ત્રેવડ ધરાવે છે. ક્યારેક કોઈક કાવ્ય તો એવા સંકેત ચિત્તની સપાટી ઉપર અંકિત કરી જાય છે કે, દિવસો સુધી એની અસર ઓસરતી નથી. હમણાં મરાઠી કવયિત્રી અશ્વિની પાનસેનું એક કાવ્ય વાંચવામાં આવ્યું. અરુણા જાડેજાએ એ કાવ્યનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે જે આ પ્રમાણે છે :

પાણીનું એક ટીપું
જો એ તાવડી પર પડે
તો એનું અસ્તિત્વ જ મટે છે.
એ જો કમળના પાન પર પડે
તો મોતી જેવું ચમકી ઊઠે છે.
અને જો છીપમાં પડયું
તો મોતી જ થઈ જાય છે.
પાણીનું ટીપું એ જ
તફાવત માત્ર સહવાસનો.

ગુજરાતીમાં એક કહેવત છે 'જેવો સંગ તેવો રંગ'. માણસ જેના સંગમાં રહે તેની અસર તેના વ્યકિતત્વ ઉપર પડે પડે ને પડે જ. તમે કોની સાથે રહો છો અને તમારી સાથે કોણ રહે છે એ વાત ઘણી મહત્વની છે. જેના સતત સંપર્કમાં માણસ રહે છે તેની છાપ ઉપસ્યા વગર નથી રહેતી. એના વિચાર, એનું આચરણ, એની સમજ, એના શોખ... આ બધું સહવાસને કારણે જાણેઅજાણે સહેલાઈથી આપણાં સ્વભાવને ઘડે છે. માટે મિત્રોની પસંદગી જોઈ તપાસીને કરવી જોઈએ. અભાનપણે સંબંધો બાંધવા નહીં. સંબંધોના બંધનમાં સભાન રહેવું જરૂરી છે. મૈત્રી બાંધવામાં કે બાંધેલી મૈત્રી તોડવામાં ઉતાવળ કરવાથી પસ્તાવાનો વારો આવે છે. સંબંધ તકલાદી કે તકવાદી ન હોય તેટલી કાળજી લેવાની છે. સંબંધોમાં આપણે વપરાવાનું નથી તેમ આપણે ય સંબંધને વાપરવાનો નથી. આપણાં ખભાનો પગથીયા તરીકે ઉપયોગ કરવા માટે કેટલાક લોકો તૈયાર જ બેઠા હોય છે. આવા લોકોને દૂરથી સલામ કરવાની. હમણાં એક એસએમએસ આવ્યો હતો તેમાં લખ્યું હતું કે ''પૈસા વાપરવા માટે છે અને સંબંધો સાચવવા માટે છે પણ લોકો સંબંધો વાપરે છે અને પૈસા સાચવે છે.'' સ્વાર્થના પાયા પર ચણાયેલી ઈમારત મજબૂત નથી હોતી. જેની સાથે સંબંધ - મૈત્રી હોય તેની ઝીણી ઝીણી લાગણીઓને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ લાગણીઓનું જતન કરવું જોઈએ. સંબંધો બાંધવામાં કે તોડવામાં કોઈ ગણિત કે ગણતરી ન હોવાં જોઈએ. સ્વાર્થરહીત સંબંધો સુખસાગરનો અનુભવ કરાવે છે. દરેકના દિલમાં એક એવું કબ્રસ્તાન હોવું જોઈએ જેમાં દોસ્તોના દોષોને દફન કરી શકાય. સાથે હોય તેવી વ્યકિતના વાણીવર્તન ક્યારેક વિપરીત લાગે તો એનો સંદર્ભ, સ્થિતિપરિસ્થિતિ, મનઃસ્થિતિ ... આ બધા વિશે સમજણ કેળવવી પડે. સામે રહેવું સહેલું છે. સાથે રહેવું અઘરું છે. તમે કોઈની સાથે હો છો ત્યારે નાના નાના દોષ પણ મોટા દેખવા લાગે છે. કોઈકે ખૂબ સુંદર કહયું છે 'ચહી જો, સહી જો.' કોઈને ચાહવું એક વાત છે અને ચાહતા હોઈએ તેની નબળાઈઓ કે મર્યાદાઓ પ્રત્યે આંખ આડા કાન કરવા બીજી વાત છે. એક પણ દોષ ન હોય તેવો માણસ પૃથ્વી પર ક્યાં શોધીશું ?! મંદિરના કળશ જેવો સંબંધ એકાદ પણ મળે તો સંતોષનો ઓડકાર આવ્યા વિના ન રહે. મૈત્રીની કોઈ વ્યાખ્યા નથી હોતી અને વ્યાખ્યામાં સમાઈ જાય તે મૈત્રી નથી હોતી. મૈત્રી એટલે સંબંધોના મહાસાગરમાંથી મળેલું મોંઘુ મોતી. મોતી મળી ગયા પછી એને પહેલ પાડવાની જવાબદારી આપણી છે.

કવિ રમેશ પારેખ લખે છે : કેટલાક માણસો નોળવેલ જેવા હોય છે. જીવનસંઘર્ષમાં એમને મળીએ એટલે થાક ઊતરી જાય. વળી પાછા જીવતા થઈ જઈએ. કોટામાં લાવી દે. બેચેની જતી રહે. મિત્રતાની જે મજા છે એ લાખો રૂપિયા આપવાથી પણ નથી મળતી. મિત્રો અરસપરસના પ્રાણવાયુ છે. ગાડું ઘોંચમાં પડયું હોય ત્યારે મિત્રોને કારણે જીવી જતા હોઈએ છીએ.

૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ગૌરવ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં એસોશિએટ પ્રોફેસર તરીકે સેવા બજાવતા ડૉ. ગૌરાંગ રામીએ ઈન્ટરનેશન એસોસીએશન ઓફ મલ્ટીડીસીપ્લીનરી રીસર્ચ (IAMURE) તથા ફિલીપાઈન એસોસીએશન ફોર રીસર્ચ (PAIR) દ્વારા આયોજીત વર્લ્ડ રીસર્ચ ફેસ્ટીવલ - ૨૦૧૨માં સિબુસિટી, ફિલીપાઈન્સ ખાતે ઓગષ્ટ ૨૨-૨૪, ૨૦૧૨ દરમ્યાન પોતાનું સંશોધન પેપર 'સ્ટેટસ ઓફ પ્રાઈમરી એજયુકેશન : અ કેસ સ્ટડી ઓફ ધ ડાંગ્ઝ ડીસ્ટ્રીકટ ઈન ગુજરાત' રજુ કર્યુ હતું.




આ કોન્ફરન્સમાં વિશ્વમાંથી ૨૫૦ જેટલા સંશોધકોએ પોતાના સંશોધન પત્રો રજુ કર્યા હતા. ડૉ. ગૌરાંગ રામીએ આ કોન્ફરન્સમાં પોતાના સંશોધન માટે વર્લ્ડર્સ બેસ્ટ ઓરલ રિસર્ચ પ્રેઝેન્ટરમાં પ્લેટીનમ એવોર્ડ (બીજા ક્રમે) તથા બેસ્ટ ઈન પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનમાં ગોલ્ડ એવોર્ડ (ત્રીજા ક્રમે) પ્રાપ્ત કરી અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું નામ વૈશ્વીક ફલક પર રોશન કર્યુ છે.



ડૉ. રામીનું આ સંશોધન પેપર ઈન્ટરનેશન જર્નલ ઓફ એજયુકેશનમાં પ્રકાશિત પણ થઈ ચુકયું છે. આ ઉપરાંત સેન્ટર ફોર રીસર્ચ, પ્લાનિંગ એન્ડ ડેવલોપમેન્ટ સિબુ નોર્મલ યુનિવર્સિટી, સિબુસિટી ફિલીપાઈન્સ ખાતે ડૉ. ગૌરાંગ રામીએ રીસર્ચ મેથોડોલોજી એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશન ઈન ડેટા એનાલીસીસ ફોર સોશિયલ સાઈન્સીસ પર ત્રણ દિવસની ટ્રેનિંગ કંડકટ કરી હતી. જેમાં ફિલીપાઈન્સની વિવિધ યુનિવર્સિટીમાંથી ૪૨ જેટલા પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. આ ટ્રેનિંગ બદલ ડૉ. ગૌરાંગ રામીને પ્લેક ઓફ રેકગ્નીશન દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. ડૉ. રામીએ યુનિવર્સિટી ઓફ સિબુના અલગ-અલગ કેમ્પસ પર રીસોર્સ પર્સન તરીકે વ્યાખ્યાનો પણ રજૂ કર્યા હતા. જેમાં તેમણે યુનિવર્સિટી ઓફ સિબુ મેઈન કેમ્પસમાં નાઈન્થ યુસિ. જી. એસ. પ્રોફેશનલ લેકચર હયુમન ડેવલોપમેન્ટ : મિનીંગ, મેઝરમેંટ એન્ડ ટ્રેન્ડઝ ઈન ધી ફિલીપાઈન્સ એન્ડ ઈન્ડિયા પર રજૂ કર્યુ હતું. યુનિવર્સિટી ઓફ સિબુ એમ.ઈ.ટી.સી. કેમ્પસ પર સેકન્ડ યુસિ-એમ.ઈ.ટી.સી., યુ.આર અને રિસર્ચ એન્ડ સ્ટેટિસ્ટીક લેકચર 'રિવ્યુ ઓફ લિટરેચર વીથ એ.પી.એ. રેફરન્સીંગ' પર આપ્યું હતું. જયારે યુનિવર્સિટી ઓફ સિબુ બેનિલેન્ડ કેમ્પસ પર થર્ડ યુસિ-બેનિલેન્ડ યુ.આર.એ. રિસર્ચ એન્ડ સ્ટેટિસ્ટીક લેકચર 'પ્રાયમરી એન્ડ સેકન્ડરી સોર્સિસ ઓફ ડેટા' પર આપ્યું હતું. આ તમામ વ્યાખ્યાનો માટે તેમને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ડૉ. રામીની આ ઉજ્જવળ સફળતા બદલ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર. મહેતા, ઈનચાર્જ સી.ડી.સી. ડીન તથા માનવ સંસાધન વિભાગના વડા ડૉ. કિરણ પંડયા તથા અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. એસ. શ્રીનિવાસા રાવ અને વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.



## નર્મદ જયંતી

યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા ગુજરાતી અનુસ્નાતક કેન્દ્રના ઉપક્રમે નર્મદ જયંતીના ઉપલક્ષમાં વિદ્યાર્થીઓના સહયોગથી એક વિશેષ કાર્યક્રમનું આયોજન તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યક્ષ મહોદયા ડૉ. દમયંતીબેન પરમારની નિશ્રામાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે વિદ્યાર્થીઓએ નર્મદ રચિત 'મારી હકીકત', 'નર્મગદ્ય-ખંડ' ૧-૨, 'ધર્મવિચાર' તેમજ નર્મદના પત્રકારત્વના આદર્શને પ્રગટ કરતા 'ડાંડિયો'નું વાચન કરીને વિદ્યાર્થીઓ દ્વારા પોતે પસંદ કરેલા અંશોનું પઠન કરવામાં આવ્યું હતું. આ સમારોહના પ્રમુખ વકતા ડૉ. વિપિનકુમાર કીકાણીએ રજૂ થયેલા સંકલિત અંશો વિશે પોતાના પ્રતિભાવો આપતા વિદ્યાર્થીવર્ગને સંશોધન દ્રષ્ટિ કેળવવા અંગે તેમજ વીર કવિ નર્મદના વિવિધ સંશોધનાત્મક પાસાંઓનો ઉલ્લેખ કરીને સંશોધન કરવા કટિબદ્ધ થવા હાકલ કરી હતી. તુલનાત્મક વિભાગના અધ્યક્ષા ડૉ. દમયંતીબહેન પરમારે વિદ્યાર્થીઓને આ પ્રકારના વિશેષ કાર્યક્રમની સંકલ્પના બદલ અભિનંદન પાઠવીને કાર્યક્રમની સરાહના કરી હતી. તેઓએ નર્મદના સર્જક વ્યકિતત્વની લાક્ષણિકતાઓને ઓળખાવી હતી. કાર્યક્રમનો આરંભ 'જય જય ગરવી ગુજરાત' ગીતથી થયો હતો. નર્મદના જીવન-કાળની સંક્ષિપ્ત માહિતી શ્રી મૃગેશ પટેલે આપી હતી. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ શ્રીમતી કલાબહેન ચૌધરીએ કરી હતી.

## Membership



PANDA (anti-Proton ANnihilation at DArmstadt) Collaboration is an upcoming international collaboration project for experimental investigations in the area of particle physics, especially hadrons spectroscopy and QCD studies using antiproton beams. It is one of the detectors in a larger experimental setup called Facility for Antiproton and Ion Research (FAIR) at GSI (Darmstadt) in Germanu. Many institutions from across the globe including India are contributing to the accelerator and detector development. Recently PANDA Collaboration Board has granted collaboration membership to our University (Department of Physics) through India PANDA Consortium. Prof. S.S. Godre of this department is actively engaged in the detector and physics simulations for PANDA.

## વૃક્ષારોપણ



૧ યુનિવર્સિટી કેમ્પસ ખાતે પૂજય મોટા હરીઓમ આશ્રમ દ્વારા તળાવ સાથે સુંદર બાગ બગીચાના નિર્માણ માટે આપવામાં આવેલા દાન અંતર્ગત તા. ૧૦-૯-૧૨ના રોજ આશ્રમ વતી શ્રી ધીમંતભાઈ ધીવાલા, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી છત્રપતિભાઈ તથા કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર. મહેતા યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૫૦૦ થી વધુ વૃક્ષોની વાવણી કરવામાં આવેલ.



## યુ.જી.સી. ગ્રાન્ટ

યુ.જી.સી., ન્યુ દિલ્હીના ૧૨મા પ્લાન અંતર્ગત જનરલ ડેવલપમેન્ટ સ્કીમ તથા વિવિધ મર્જડ સ્કીમ અંતર્ગત દરખાસ્ત યુ.જી.સી.ને મોકલાવેલ હતી. સદર દરખાસ્તમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગો માટે બુકસ, જર્નલ્સ, વૈજ્ઞાનિક સાધનો, રમતગમતના સાધનો, કોમ્પ્યુટરર્સ તથા નવા ભવનો પૈકી ગણિતશાસ્ત્ર, ફિઝીકસ, સ્ટેટીસ્ટીકસ, ફેકલ્ટી ડેવલપમેન્ટ સેન્ટર, કાઉન્સેલીંગ એસેસમેન્ટ સેન્ટર, ગેસ્ટ હાઉસ અને મ્યુઝીયમનો સમાવેશ કરવામાં આવેલો હતો.

ઉપરોકત દરખાસ્તના સંદર્ભમાં યુ.જી.સી.એ તેમના તા. ૩૦-૮-૧૨, પત્ર ક્રમાંક : એફ.નં.૩૦-૧-/૨૦૧૨ (એસ.યુ.-આઈ) યુનિવર્સિટીને રૂા. ૨,૬૮,૧૩,૦૦૦/- ની એડહોક ગ્રાન્ટ મંજૂર કરેલ છે. જે ગ્રાન્ટમાંથી પ્રારંભિક તબકકામા શૈક્ષણિક વિભાગો માટે બુકસ, જર્નલ્સ, વૈજ્ઞાનિક સાધનોની ખરીદી તથા નવા ભવનો પૈકી એસેસમેન્ટ સેન્ટર ઊભું કરવામાં આવશે.

## સખાવત

સામાજીક સેવાભાવી સંસ્થા માહેશ્વરી યૂથ કલબ, સુરત દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઓડિટોરીયમ પાસેના પ્રવેશ દ્વાર પાસે કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરના સંનિષ્ઠ પ્રયત્નોના ફલસ્વરૂપે વિના મૂલ્યે પાણીની પરબ તથા તેની આજુબાજુમાં એક બગીચાનું નિર્માણ અંદાજે રૂા. ૧૦ લાખના ખર્ચે કરી આપવામાં આવશે તેમ માહેશ્વરી યુથ કલબના અધ્યક્ષશ્રી જુગલ ચાંડક અને સચિવશ્રી વિવેક ડોડીયાએ યુનિવર્સિટી સત્તાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, માહેશ્વરી યુથ કલબ દ્વારા કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન, મેડિકલ કેમ્પ, સુલભ શૌચાલય, પાણીની પરબ, રકતદાન શિબિર, સ્વચ્છ સુરત-સુંદર સુરત તથા નશામુકત સુરત વિગેરે અભિયાન દ્વારા સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડેલ છે.

# કોલેજ ન્યૂઝ

## ધ્વજવંદન

૧ તા. ૧૫-૮-૧૨ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે કોલેજ સંચાલકના મંડળના ઉપપ્રમુખશ્રી બળવંતભાઈ આર. પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન આચાર્યશ્રી ઈશ્વભાઈ પટેલે કર્યું હતું આભારવિધિ પ્રા. કે.જી. ચપટવાલાએ કરી હતી. ઉજવણી પ્રસંગે મંડળના હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો, એન.એસ.એસ. અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

૨ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૫-૮-૧૨ના રોજ આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાના નેતૃત્વ હેઠળ શ્રી રમણભાઈ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન થયું હતું. જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુભાઈ શાહ, શ્રી કાંતિભાઈ શાહ, શ્રી ભાનુભાઈ શાહ, શ્રી નિલયભાઈ શાહ, શ્રી નિલકેશભાઈ શાહ, શ્રી ભાવિનભાઈ શાહ, ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, શ્રી ડાહયાભાઈ જી. શાહ, પ્રિ. જે.બી. શાહની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બી.એ., બી.બી.એ., બી.કોમ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ. અને એસ.પી.બી. સ્કૂલના આચાર્યા શ્રીમતી કલ્પનાબેન દેસાઈ તથા સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રો. ઓફિસર પ્રા. નરેન્દ્ર બી. બારિયા, પ્રા. જે.ડી. વાછાણી, પ્રા. વી.એમ. ચૌધરી, ડૉ. ઋજુતા સી. ગાંધી તથા શૈક્ષણિક અને વહીવટી

કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે લેફટન્ટ પ્રા. પુનિતા પટેલે અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓની એન.સી.સી. ગૃપ લિડર કુ. પાલ મોનુંની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી તેમજ કોલેજ તથા શાળા પરિવાર તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતા.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૧૫-૮-૧૨૦૧૨ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભારત એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષશ્રી મનિષભાઈ પટેલ, બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. કિન્નરીબેન પટેલ, એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કુલના આચાર્યશ્રી શ્રીમતી દર્શનાબેન ટીમ્બર, પુનિત ઈંગ્લીશ સ્કુલના આચાર્યશ્રી ગિરીશભાઈ રાઠોડ તથા એસ.જે. મહિલા પી.ટી.સી. કોલેજના આચાર્યા શ્રીમતી શૈલાબેન ટંડેલ ઉપસ્થિત રહયા હતા. આચાર્યાશ્રી ડૉ. કિન્નરીબેન પટેલે સર્વ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષશ્રી ભરતભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે અધ્યક્ષીય પ્રવચન રજૂ કર્યું હતું. કાર્યક્રમમાં શાળા તથા કોલેજના તાલીમાર્થીઓ દ્વારા પરેડ રજૂ કરવામાં આવી હતી. શાળા-કોલેજના વિદ્યાર્થિઓ, અધ્યાપકશ્રીઓ, શિક્ષકમિત્રો તથા વાલીમિત્રો પણ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલે કર્યું હતું.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ. કોલેજ, ભેસ્તાનમાં ૬૬મા સ્વતંત્રતા દિનની ઉજવણી સંસ્થાના ટ્રસ્ટીશ્રી એન.એસ. પંડયા તથા પ્રમુખશ્રી હેમંતભાઈ પંડયા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બી.એડ્. કોલેજના આચાર્યા બિન્નીબેન મહેતા દ્વારા યુવા તાલીમાર્થીઓને દેશદાઝ કેળવવાની હાંકલ કરવામાં આવી હતી તથા કોમર્સ કોલેજના આચાર્યશ્રી ચંદ્રશેખર ગોને દ્વારા યુવાનોને ભારતના પરિવર્તનના સૂત્રધાર બનવા માટે હાંકલ કરવામાં આવી હતી. ઉપરાંત કોલેજ દ્વારા સ્વતંત્રતા પર્વ નિમિત્તે દેશભકિતગીત સ્પર્ધા પણ યોજાઈ હતી. જેમાં તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગીતો દ્વારા દેશભકિતની લાગણી વ્યકત કરી હતી. સ્પર્ધામાં પ્રથમ-પટેલ કલ્પેશ આર., દ્વિતીય-પટેલ પ્રિયંકા એમ., તૃતીય-પટેલ રશ્મિતા એમ. રહયા હતા. સ્પર્ધાનું સંચાલન તાલીમાર્થીની પટેલ જસ્મીન તથા ટંડેલ રચયિતા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વિશ્વાબેન એચ. દેસાઈ તથા પ્રા. ભરતભાઈ ઈચ્છાપોરીયા રહયા હતા.

## આરોગ્ય



શ્રી આઈ.કે. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ બી.આર.આર.એસ.ના વિદ્યાર્થીઓની શારીરિક આરોગ્ય તપાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભેટાસીના મેડીકલ ઓફિસર ડૉ. કૃતિકા શાહે કરી હતી. તદ્‌પરાંત ૬૮ વિદ્યાર્થીઓના મેડીકલ તપાસનાં ફોર્મ પણ ભરાવવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ. શ્રીમતી મિનાક્ષીબેન જે. ચાવડા, વૈદ્યરાજ ક. મંજુલા બી. પ્રજાપતિ તથા કોલેજ પરિવારે કાર્ય કર્યું હતું.

ડી.આર. પટેલ અને આર.બી.પટેલ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૧૭ ઓગષ્ટના દિવસને કોમર્સ કોલેજના દાતાશ્રી સ્વ. દુર્લભ રામજી ભાણા સ્મૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તા. ૧૭-૮-૨૦૧૨ના રોજ સુરત રકતદાન કેન્દ્રના સહયોગથી યોજાયેલા રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓ દ્વારા ૫૯ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું. રકતદાન શિબિરનો તમામ ખર્ચ સ્વ. દુર્લભભાઈ રામજીભાઈ પટેલના કુટુંબે ઉઠાવ્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે સ્વ. દુર્લભભાઈ રામજીભાઈ પટેલના કુટુંબ દ્વારા કોલેજને રૂા. ૨,૫૧,૦૦૦/- નું માતબર દાન પણ એ દિવસે જાહેર કરવામાં આવ્યું હતું કે જેથી ભવિષ્યમાં આવા સમાજ ઉપયોગી કાર્યો અવિરતપણે થતા રહે. આ પ્રવૃતિ કોલેજના સામુદાયિક સેવા ધારના નેજા હેઠળ આયોજિત કરવામાં આવી હતી.

## ઉજવણી

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતમાં કવિ નર્મદની જન્મજયંતી પ્રસંગે તાલીમાર્થી મહેવાઝ શેખે, ગદ્યકાર નર્મદ વિશે, અંકુર પટેલે પદ્યકાર નર્મદ વિશે, ધર્મેન્દ્ર વાઘેલા, ખુશ્બુ વ્યાસે સુધારક નર્મદ વિશે વકતવ્યો આપ્યા હતા. અંતમાં ગીતોનું સમૂહગાન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. ડૉ. જયશ્રી જાંબુસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યાશ્રી ડૉ. કિન્નરીબેન પટેલે સંસ્કૃત ભાષા વિશે તેમનું પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યુ હતું. તાલીમાર્થીઓએ સંસ્કૃતનું મહત્વ, સુભાષિતો, પ્રવર્તમાન સમયમાં સંસ્કૃતની પરિસ્થિતિ, અભિજ્ઞાન શાકુંતલ, કુમારસંભવમ્, શ્લોકગાન, કાવ્યગાન, નાટક, વેદાંત અને તેનું મહત્વ તથા સંસ્કૃતમાં અંકો રજુ કર્યા હતા. કાર્યક્રમનું માર્ગદર્શન પ્રા. ધીરેનભાઈ મૈસુરીયાએ પૂરું પાડયું હતું. આભારવિધિ શેખ એઝાઝભાઈ તથા સંચાલન ગાય પ્રતિભાઈ તથા સાવલિયા કાજલબેને કર્યુ હતું.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.) અને શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.)નાં સંયુકત ઉપક્રમ કવિ વીર નર્મદની ૧૭૯મી જન્મ જયંતી નિમિત્તે કવિ સંમેલન ઉજવાયું તાલીમાર્થીઓ દ્વારા રંગોળી, સજાવટ અને કવિ નર્મદ આધારિત ચિત્રો દ્વારા વર્ગ સુશોભન કર્યું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને કવિ નર્મદની પ્રાર્થના એમ.એડ્.ના તાલીમાર્થી સુનીલ રેવર અને ગ્રુપ દ્વારા કરવામાં આવી. ત્યાર બાદ એમ.એડ્. કોલેજના ઈ.ચા. આચાર્યાશ્રી નિહારીકા પટેલે આમંત્રિત કવિઓનું સ્વરચિત કવિતા દ્વારા સ્વાગત કર્યું. શાબ્દિક સ્વાગત રજીસ્ટ્રારશ્રી ડૉ. એ.એન. ઠાકરે કર્યું. ત્યારબાદ બી.એડ્.ના આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણે કવિશ્રી નયન દેસાઈનું પુષ્પગુચ્છ, પુસ્તક અને તુલસીના છોડ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. અન્ય કવિઓ શ્રી કિરણ ચૌહાણ, રવિન્દ્ર પારેખ, શ્રીમતી પ્રજ્ઞાવશી તેમજ મહેશ દાવરકર અને કિરણ રોઝનું પણ પુસ્તક અને તુલસીના છોડ દ્વારા કરવામાં આવ્યું. કવિશ્રીઓ નયન દેસાઈ, કિરણ ચૌહાણ, રવિન્દ્ર પારેખ, શ્રીમતી પ્રજ્ઞાવશી તેમજ મહેશ દાવરકર અને કિરણ રોઝ દ્વારા વિવિધ કાવ્યો, ગઝલો, શેર, મૂકતકો, ગઝલો રજૂ કરવામાં આવ્યા. રજીસ્ટ્રારશ્રી ડૉ. એ.એન. ઠાકરે સ્વરચિત નર્મદ વિશેની કૃતિ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં સ્વ. શ્રી કવિ સુરેશ દલાલને ભાવાંજલિ આપવામાં આવી હતી. સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી લીના જૈન ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. કિર્તી માટલીવાલા અને આભારવિધિ પ્રા. ભાવિક ગજ્જર દ્વારા કરવામાં આવી. આ

કાર્યક્રમનું આયોજન એમ.એડ્.ના ઈ.ચા. આચાર્યાશ્રી નિહારિકા પટેલ અને સ્ટાફમિત્રો તેમજ બી.એડ્.ના ઈ.ચા. આચાર્યા નયનાબેન ચૌહાણ તેમજ પ્રા. ભાવિના દેસાઈ, પ્રા. કેતકી પંડયા, પ્રા. પાયલ પટેલ, પ્રા. રોજેન્દ્ર ચૌધરી દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમની ફોટોગ્રાફી પ્રા. ડૉ. અખિલેશ નાયકે તથા પ્રશાંત સોલંકીએ કરી હતી. તદ્દપરાંત કવિ નર્મદની જન્મ જયંતી પ્રસંગે શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં વકતવ્યો, ગીતો તેમજ નાટકો તેમજ કવિ નર્મદનું પાત્રાભિનય તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન આ.પ્રો. નીતાબેન મોહિતે તેમજ આ.પ્રો. હેતલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન કોલેજના તાલીમાર્થી સુરતી શિરીષ તેમજ પટેલ ભાવિના દ્વારા કરવામાં આવ્યું. પ્રસાંગોચિત ઉદ્દ્બોધન તેમજ મંતવ્યો ઈ.ચા. આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

કવિ નર્મદની જન્મજયંતી શ્રી ઈશ્વરભાઈ ખોડાભાઈ ચાવડા ગ્રામ વિદ્યાપીઠમાં ઉજવવામાં આવી હતી. ડૉ. મીનાક્ષીબેને નર્મદના વ્યકિતત્વનો બહોળો ખ્યાલ વિદ્યાર્થી સમક્ષ રજૂ કર્યો હતો અને નર્મદ કવિની અસ્મિતાના વિદ્યા વિસ્તારના વિચારોના ગુણગાન ગૌરવભેર રજુ કર્યા હતા. રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલા ધર્મેશ વાઘેલાએ નર્મદ વિશેના લેખો, કાવ્યો, મારી હકીકત, નર્મકોશ, કૃષ્ણકુમારી, રામજાનકી દર્શન, દ્રોપદી દર્શન, સીતાહરણ, બાલકૃષ્ણ વિજય ઈતિહાસની આછી ઉપરેખા રજુ કરી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રો. ઓ. પ્રવિણભાઈ શર્મા જયંતીભાઈ આશાભાઈ હાજર રહી પ્રસંગને દીપાવ્યો હતો.

સી.એન. કોઠારી હોમીયોપેથિક મેડિકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા ખાતે ૯મી ઓગષ્ટના રોજ જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા રાસ-ગરબા પણ કરવામાં આવ્યા હતા તેમજ "નંદ ઘેર આનંદ ભર્યો, જય કનૈયા લાલ કી"ની ધૂન મચાવી હતી. તદ્દપરાંત ૧૫ મી ઓગષ્ટના રોજ ડૉ. પી.આર. પટેલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે ટ્રસ્ટીશ્રી નિખીલભાઈ શાહ, ડૉ. કનુભાઈ દેસાઈ, પ્રિ. ડૉ. જયોતિ રાવ અને ડૉ. પી.આર. પટેલ દ્વારા વિચારો વ્યકત કરવામાં આવ્યા હતા.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૨૪-૦૮-૧૨ના રોજ કવિ વીર નર્મદની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત કવિ નર્મદનો જીવન પરિચય, કાવ્ય પઠન, જય જય ગરવી ગુજરાત પર ગરબો, નર્મદ પર નાટક, 'યા હોમ' સમૂહગીત પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રસ્તુત થયું હતું. કાર્યક્રમ અંતર્ગત પ્રા. ચેતનભાઈ પટેલે કાવ્ય પઠન તથા પ્રધાનાચાર્ય ડૉ. ભાવેશભાઈ રાવલે પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું. કાર્યક્રમ પ્રા. મનિષાબેન રીબડીયાના માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યક્રમનું સંચાલન પ્રશિક્ષણાર્થી તેજલબેન પરમારએ કર્યું હતું અને આભારવિધિ પ્રા. નિર્મલભાઈ પટેલે કરી હતી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં શિક્ષક-દિનની ઉજવણી થઈ. આ પ્રસંગે શિક્ષકોનું પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા વકતવ્યો, ગીતો, ભજનો તેમજ નાટકો રજૂ કરવામાં આવ્યા. અને શિક્ષણકાર્ય કરવામાં આવ્યું. કાર્યક્રમને અનુરૂપ ઈ.ચા. આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણે પ્રાસંગિક ઉદ્દ્બોધન આપ્યું. કાર્યક્રમનું આયોજન પ્રા. કલ્પના પટેલ અને પ્રા. અમૃતભાઈ વળવીએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન લંગારીયા નિલમ અને જગુવાલા હિમાની દ્વારા કરવામાં આવ્યું. તથા આભારવિધિ પાટીલ રીંકલે કરી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૮મી સપ્ટેમ્બરે વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણીના ભાગરૂપે સ્લોગન સ્પર્ધા, પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા એક સાથે સમૂહવાંચનનો કાર્યક્રમ તથા નાટક રાખવામાં આવ્યો હતો. કોલેજના તમામ અધ્યાપકશ્રીઓ અને તાલીમાર્થીઓએ આ દિવસે સમુહમાં વાંચન કર્યું હતું. શિક્ષણ અને જીવનમાં ઉપયોગી એવા પુસ્તકો કોલેજની લાયબ્રેરીમાંથી પુરા પાડવામાં આવ્યા હતા. સમગ્ર આયોજન કોલેજના આચાર્યાશ્રી ડૉ. કિન્નરીબેન પટેલ તથા ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે કર્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણવિભાગમાં શિક્ષક પ્રશિક્ષણનો અનુસ્નાતક કક્ષાનો એમ.એડ્. ગ્રાન્ટેડ અને એમ.એડા. સ્વનિર્ભર કોર્સ ચાલે છે. દર વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા તારીખ ૫ મી સપ્ટેમ્બરને શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૫-૯-૧૨, બુધવારના રોજ શિક્ષણવિભાગમાં એમ.એડ્. ગ્રાન્ટેડ અને એમ.એડ્. સ્વનિર્ભરના વિદ્યાર્થીઓએ સાથે મળીને શિક્ષક દિનની અસરકારક રીતે ઉજવણી કરવામાં આવી હતી. તા. ૫-૯-૧૨, બુધવારના દિવસના પ્રારંભમાં પ્રાર્થના સમયે અધ્યાપકોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગના અન્ય અધ્યાપકો તથા શિક્ષકવિભાગના અધ્યક્ષે પ્રારંભમાં શિક્ષકદિનનો મહિમા રજૂ કરતાં વકતવ્યો આપ્યા હતા. તા. ૫મી સપ્ટેમ્બર રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના જીવન અને તેમના કાર્યની સંક્ષિપ્તમાં યશગાથા રજૂ કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડૉ. જી.એસ. પરમારે ડૉ. રાધાકૃષ્ણનના કાર્યને સંક્ષિપ્તમાં સચોટ રીતે સમજાવી શિક્ષકદિનની મહત્તા રજૂ કરી હતી. હાલમાં એમ.એડ્. ગ્રાન્ટેડ અને એમ.એડ્. સ્વનિર્ભર કોર્સમાં કુલ દસ અધ્યાપકો સેવા બજાવી રહયા છે. આ દસ અધ્યાપકની જગ્યાએ એમ.એડ્. ગ્રાન્ટેડ અને એમ.એડ્. સ્વર્નિભર કોર્સના તાલીમાર્થી વિદ્યાર્થીઓએ આ દસ અધ્યાપકના ટાઈમ ટેબલ પ્રમાણે શિક્ષણકાર્ય કર્યું હતું. તથા સાથે નોન ટીચિંગ સ્ટાફની તમામ કામગીરી પણ સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમ એમ.એડ્. ગ્રન્ટેડ અને એમ.એડ્. સ્વર્નિભર કોર્સના વિદ્યાર્થીઓ દ્વારા સ્વેચ્છાએ તથા સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો. છેલ્લે પાંચ વાગે કાર્યક્રમ પૂર્ણ થતાં અધ્યક્ષ અને અધ્યાપકોએ તાલીમાર્થી અધ્યાપક બનેલાને શૂભેચ્છા પાઠવી હતી.

શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં શિક્ષકદિનની ઉજવણી પ્રસંગે રાજ્યકા કક્ષાએ શિક્ષકોના અભિવાદનના બાયગેસ દ્વારા પ્રસારિત કાર્યક્રમને ભાવિશિક્ષકોએ નિહાળ્યો હતો. ત્યારબાદ ગુરુજનોના ભાવસાર અભિવાદન બાદ તાલીમાર્થીઆએ કંડારેલ સદર કાર્યક્રામમાં ડૉ. રાધાકૃષ્ણનના જીવનની ઝલક, શિક્ષકનું ઉત્તરદાયિત્વ, શિક્ષક અને સમાજ સંબંધી પ્રેરક વિચારો રજૂ થયા હતા. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહેલા પૂર્વ આચાર્યશ્રી ડૉ. દિનુભાઈ નાયકે મનનીય પ્રવચન દ્વારા શિક્ષણક્ષેત્રની તંદુરસ્ત સમીક્ષા કરી સફળ શિક્ષક તરીકેનો સંતોષ કેવી રીતે લઈ શકાય એ બાબત સ્પષ્ટ કરી હતી. સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે સહુને આવકારી કાર્યક્રમની ઉચિત ભૂમિકા સ્પષ્ટ કરી. પ્રા. શીતલબેન વસાવાએ ઋણ સ્વીકાર કર્યો હતો. તાલીમાર્થીબેન ડોલી મોદીએ સભાનું અર્થસભર સંચાલન કરી કાર્યક્રમને જીવંત બનાવ્યો.

અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં શિક્ષકદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સ્વયં શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત આચાર્ય તરીકે ભોર સુવર્ણાબેને જવાબદારી બજાવી હતી. વિવિધ વિષયોનું અધ્યાપન વણકર દમયંતિ, દાહોદવાલા ફાતેમાબેન, શાહ શિવમ, શાસ્ત્રી રીતા, પટેલ સેહજુના, તળાવિયા મયુરી, શેતલ શબનમ, ચૌધરી અમીષા, પટેલ મોહિની, પટેલ યોગેશકુમાર, ખત્રી હેમલતાબેન, પટેલ નીશા, પ્રજાપતિ રાહુલ, મોદી સન્ની, રાણા નિલેશ, પરમાર નરેશ, ત્રિવેદી દિપલ વગેરેએ અભ્યાસ કરાવ્યો હતો. કલાર્કની ભુમિકા કરકર સિગ્મા તથા

પ્યુનની કામગીરી પટેલ ચિંતનભાઈએ બજાવી હતી. સમગ્ર દિવસની ઉજવણીના અંતે સૌ ભાવિ શિક્ષકોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આચાર્યશ્રી કૃણાલભાઈ પંચાલે શિક્ષણના ઉમદા વ્યવસાયમાં જોડાવા બદલ સૌને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આજના દિવસે અધ્યાપન કાર્ય કરાવનાર અધ્યાપકોમાંથી દાહોદવાલા ફાતીમાબેન અને રાણા નિલેશકુમારને દિવસના શ્રેષ્ઠ શિક્ષક તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૧૫-૮-૧૨ના રોજ ડૉ. અશોકભાઈ દેસાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ દેશભકિતના સૂત્રો પોકાર્યા હતા તથા દેશભકિતના ગીતોની સ્પર્ધામાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

## સ્પર્ધા



વીર નર્મદ દક્ષિણ ગુજરાતની આંતર કોલેજ ટેબલ ટેનિસ (બહેનો) સ્પર્ધા ૨૦૧૨-૧૩માં એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ વિજેતા બની છે. છેલ્લા સત્તર (૧૭) વર્ષથી આ સ્પર્ધામાં આ કોલેજ વિજેતા થતી આવી છે.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં કવિશ્રી નર્મદની ૧૭૯મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ નર્મદનું જીવન અને કવન, નર્મદનું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન, નર્મદ અને સુધારા જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ-પરમાર લીનાબેન સી., દ્વિતિય-પટેલ સ્નેહાલીબેન આર., તૃતીય-પટેલ ધારીણીબેન વિજેતા નિવડયા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં કવિ વીર નર્મદની ૧૭૯મી જન્યજયંતી ઉજાળ્ણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કવિ નર્મદના કાવ્યપઠન, વકતૃત્વ, નિબંધ અને પોસ્ટર સ્પર્ધાનું આયોજન થયું હતું કાવ્યપઠન સ્પર્ધામાં પ્રથમ-શુકલ ધ્વની અને દ્વિતીય-ચૌધરી વર્ષા, વકતૃત્વ સ્પર્ધામાં પટેલ નિશા-પ્રથમ, નિબંધ લેખનમાં પ્રથમ-પટેલ મોહિની, દ્વિતીય-વાડોલીયા શિતલ અને તૃતીય-સેલર વૈશાલી અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ-માવાણી હેતલ અને દ્વિતીય પાનવાલા મયુરી વિજેતા રહયા હતા. આ કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકે મોર્ય સવિતા, જયારે નિર્ણાયક તરીકે ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ, પ્રા. વલ્લભભાઈ ઠંઠ અને પ્રા. દિનેશભાઈ વાઘે સેવા આપી હતી.

શિક્ષણભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં યોજાયેલ વર્ષાગીત સ્પર્ધામાં ઈ.ચા. આચાર્યા નર્યનાબેન ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું. કાર્યક્રમનું સંચાલન પટેલ આસ્થા અને પઢારિયા પ્રિયંકાએ કર્યું હતું. નર્ણાયક તરીકે પ્રા. રાજેન્દ્રભાઈ ચૌધરી અને પ્રા. અમૃતભાઈ વળવીએ સેવા બજાવી હતી. જેમાં પ્રથમ-રબારી શીતલ, દ્વિતીય-પેટીવાલા ગ્રીષ્મા અને તૃતીય-ગામીત સંધ્યાનો ક્રમ આવ્યો હતો. સમૂહમાં પ્રથમ-ચૌધરી વૈશાલી અને ભગત રમા અને તૃતીય-વળવી અમૃત-પ્રજાપતિ રાકેશ આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રા. કેતકી પંડયા અને પ્રા. નીતા મોહિતેએ કર્યું. તદ્‌પરાંત રક્ષાબંધન પર્વ નિમિત્તે યોજાયેલ રાખડી સ્પર્ધામાં ૨૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું આયોજન પ્રા. ભાવિના દેસાઈ અને પ્રા. કેતકી પંડયાએ કર્યું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. અનિલ સિંઘ, ડૉ. અખિલેશ નાયક અને પ્રા. કલ્પના પટેલે સેવા આપી. આ સ્પર્ધામાં પ્રથમ-લંઘાલીયા નીલમ, પટેલ ધારા-દ્વિતીય, પટેલ જિજ્ઞાસા-તૃતીય વિજેતા રહયા હતા.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા, સુરતની પ્રશિક્ષણાર્થી મિસ્ત્રી પીનલએ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. કોમર્સ કોલેજ, અમરોલી, સુરત દ્વારા આયોજિત રામવન ટ્રસ્ટ પ્રરસ્કૃત આંતર કોલેજ પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધા (તા. ૨૩-૮-૧૨)માં ભાગ લઈ પ્રથમ ક્રમ હાંસલ કર્યો.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ અને સર્વ અધ્યાપકમિત્રો ઉપસ્થિત રહયા હતા. જેમાં પ્રથમ-આસમાની રિષીરાજ, દ્વિતીય-કાસોદરિયા વિલાસ અને તૃતીય-પાટીલ વૈશાલી વિજેતા રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. નેહાબહેન ચોકસી અને પ્રા. દિનેશભાઈ વાઘે સેવા આપી હતી. ઉદ્‌ઘોષક તરીકેની ભૂમિકા તાલીમાર્થીની મોર્ય સવિતાએ ભજવી હતી.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૨૩-૮-૧૨ના રોજ યુનિવર્સિટી વિસ્તારની આંતરકોલેજ શીઘ્રચિત્રકલા સ્પર્ધા તથા આંતર ફાઈન આર્ટસ કોલેજની શીઘ્રચિત્રકલા સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં લગભગ ૧૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો. ઉપઆચાર્યશ્રી ડી.જે. વસાવડા, ભરૂચ ફાઈન આર્ટસ કોલેજના આચાર્ય શ્રીમતી ભાવનાબહેન પટેલ તથા શ્રી ગજેન્દ્રભાઈ મજીઠીયાના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ઉપઆચાર્યશ્રી ડી.જે. વસાવડાએ સૌને આવકાર આપ્યો હતો. શ્રીમતી ભાવનાબહેન પટેલે તથા ગજેન્દ્રભાઈ મીજીઠીયાએ જીવનમાં કલાનું મહત્વ સમજાવ્યું હતું. ઉપઆચાર્યશ્રી ડી. જે. વસાવડા તથા, શ્રી ગજેન્દ્રભાઈ અને ભરૂચ ફાઈન આર્ટસ કોલેજના આચાર્ય શ્રીમતી ભાવનાબહેન પટેલ દ્વારા ટ્રોફી અને સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પરિણામો : ઈન્ટર કોલેજ શીઘ્રચિત્રકલા સ્પર્ધા - પ્રથમ-વાલ્વી વિપુલભાઈ (આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા), દ્વિતીય-ચૌદારી વિજયભાઈ (સર કે.પી. કોલેજ કોમર્સ, સુરત), તૃતીય-ભગત ભૈરવી વસંતભાઈ (નારણલાલા કોલેજ, નવસારી), આશ્વાસન-મિસ્ત્રી પૂજા મનિશભ્ઈ (વિ.એસ. પટેલ કોલેજ, બીલીમોરા), નાયક સ્વાતી બિપીનભાઈ (શ્રી સરદાર પટેલ કોલેજ), સાંનડિસ શ્રધ્ધા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત). ઈન્ટર ફાઈન આર્ટસ કોલેજની શીઘ્રચિત્રકલા સ્પર્ધા : પ્રથમ-અમીત બાબુભાઈ મિસ્ત્રી (કે.એમ. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, ભરૂચ), દ્વિતીય-પટેલ કમલેશભાઈ સી. (બી.એ. મહેતા કલામહાવિદ્યાલય, અમલસાડ), તૃતીય-ગાયકવાડ જગદીશભાઈ (બી.એ. મહેતા કલામહાવિદ્યાલય, અમલસાડ), આશ્વાસન-ચૌધરી વિમલભાઈ (ફાઈન આર્ટસ કોલેજ, નારગોલ), નાયક નરેન્દ્રભાઈ (બી.એ. મહેતા કલા મહાલિદ્યાલય, અમલસાડ), ઢોલા આશીષ(વી.ન.દ.ગુ.યુ. સુરત), ગાયકવાડ સુરેશભાઈ (નારગોલ). સર કે.પી. કોલેજ કોમર્સના વિજેતાઓ : પ્રથમ-ચૌધરી વિજય છનાભાઈ, દ્વિતીય-રાઠોડ યોગેશ બી., તૃતીય-મારૂ કલ્પેશકુમાર દિનેશભાઈ, આશ્વાસન-નેન્સી ડાબૂવાલા, સાંનડિસ શ્રધ્ધા, ચૂડાસમા રવિરાજ એ.

વલસાડ કોમર્સ કોલેજમાં, સ્વ. ચંચળબેન આશાભાઈ રાય મેમોરિયલ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૧-૯-૧૨ના રોજ વાદ્ સમિતિના ઉપક્રમે થયું હતું. આ કાર્યક્રમમાં પ્રા. એચ. એ. રાયે ઉત્સાહવર્ધક વાતો કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ-કુ. સિદ્ધિકા કુરેશી, દ્વિતીય-કુ. શિવાની આચાર્ય અને તૃતીય-કુ. શૈલી ઉપાધ્યાય વિજેતા

થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ જે.પી. શ્રોફ આર્ટસ કોલેજના પ્રા. જાગૃતિબેન પટેલ તેમજ પ્રા. ગઝાલાબેન શેખે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ વાદ્ સમિતિના ચેરમેન પ્રા. આર. પી પટેલે કરી હતી.



વીર નર્મદ દ.ગુ. યુનિ.ની આંતર કોલેજ ફૂટબોલ સ્પર્ધાની ફાઈનલમાં દમણ કોલેજ સામે ઉત્કર્ષ દેખાવ કરી નવયુગ કોમર્સ કોલેજ યુનિ.ની ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરી છે. આ ટુર્નામેન્ટમાં કુલ ૩૫ જેટલી ટીમોએ ભાગ લીધો હતો જેમાં ફાઈનલમાં દમણ કોલેજ સામે નવયુગ કોમર્સ કોલેજ ૩-૨ થી વિજેતા થઈ યુનિ.માં ચેમ્પીયન થઈ હતી. આ ટુર્નામેન્ટમાં કોચ તરીકે શ્રી ઈલ્યાસભાઈએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ફૂટબોલ ટીમમાં વિદ્યાર્થીઓ શ્રી શેખ, રિઝવાન ખમેરી, સીંગવાલા સોએબ, પઠાણ સાહિદ, રંગરેજ શેહબાજ, શૈલર જૈમીન, શેખ અફતાબ, નાસીર હુસેન, શેખ મહંમદ નદીમ, પઠાણ અહાદ, માન્ટુ, બ્રિજેશ, દેવેન, ખાન હસીબે ભાગ લઈ ચેમ્પીયન શીપ અપાવી હતી. આ સ્પર્ધામાં કોલેજના શ્રી દિલીપભાઈ મહાલેએ ખૂબ સુંદર સેવા પૂરી પાડી હતી.



શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરતમાં રાષ્ટ્રીયસેવા યોજના વિભાગ દ્વારા "યુવા કલ્યાણ અને રમતગમત મંત્રાલય, ભારત સરકારના રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રાદેશિક કેન્દ્ર, અમદાવાદના પરિપત્ર મુજબ તા. ૨૧-૮-૧૨ના રોજ પોસ્ટર અને સુત્રલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સમારંભમાં આચાર્યશ્રી ડૉ. ડી.એલ. વરસાણી તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. રેણુબેન ભાવસારે પોસ્ટર અને સુત્રલેખનનું નિરીક્ષણ કર્યું હતું.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્ટુડન્ટ્સ કાઉન્સિલની સાંસ્કૃતિક કમિટિ અને ગીતસંગીતધારા અન્વયે તા. ૧૬-૮-૧૨ના રોજ વર્ષાગીતોની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વ્યકિતગત ગીત તેમજ સમૂહગીતની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં હિન્દી તથા ગુજરાતી ફિલ્મી-ગૈરફિલ્મી ગીતો સ્પર્ધકોએ રજૂ કર્યા હતા. સર્જનાત્મક અભિવ્યકિતધારા અન્વયે તા. ૨૪-૮-૧૨ના રોજ "નર્મદ એક અનોખું વ્યકિતત્વ" વિષય પર ઈન્ટર કલાસીસ નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કોલેજના ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સામુદાયિકસેવાધારા અને રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે તા. ૩૦-૮-૧૨ના રોજ પોષ્ટર એન્ડ સ્લોગન સ્પર્ધા "મારી પૃથ્વી મારી ફરજ" વિષય પર યોજવામાં આવી હતી. જેમાં કોલેજના ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડિબેટ કમિટિ અને જ્ઞાનધારા અન્વયે તા. ૩૧-૮-૧૨ના રોજ "વિવેકાનંદજીનું પ્રેરણાદાયી જીવન" વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી.

## વ્યાખ્યાન

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૪-૮-૧૨ના રોજ યોજાયેલ યોગ શિબિરમાં પતંજલી ઔષધ કેન્દ્ર, બારડોલીના યોગશિક્ષક શ્રી અરૂણભાઈ દેસાઈએ ધ્યાન અને યોગના પ્રકાર વિશે સમજૂતી આપી દરેક યોગનું નિદર્શન કર્યું હતું. તથા દરેક યોગ શીખવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોથી પણ માહિતગાર કર્યા હતા. તાલીમાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક દરેક યોગ કર્યા હતા. આચાર્યાશ્રી ડૉ. કિન્નરીબેન પટેલે વકતાશ્રીનું પુસ્તક પુષ્પથી અભિવાદન કરીને પરિચય આપ્યો હતો. આભારવિધિ પ્રા. ઉમેશભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. મનાલીબેન દેસાઈએ કર્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં સયાજી વૈભવ લાયબ્રેરીના પ્રમુખશ્રી મહાદેવભાઈ દેસાઈએ બી.એડ્. પુસ્તકોની દુનિયા, વાંચન પ્રવૃત્તિ સંબંધી અવનવા પ્રયોગો, વાંચનની શિક્ષકત્વ પર પ્રગાઢ અસર અને વ્યકિતત્વ ઘડતરમાં વાંચનના પ્રભાવ સંબંધી, રસપ્રદ, દુર્લભ અને પ્રેરક રજુઆત દ્વારા સહુને રસતરબોળ કરી દીધા હતા. કાર્યક્રમના આરંભે, આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈએ પરિચય બાદ, પુસ્તક દ્વારા વકતાશ્રીનું અભિવાદન કરી કોલેજની પુસ્તક પ્રવૃત્તિની વાતો કરી વાંચનવૃત્તિ બાબતે જરૂરી પૂર્વભૂમિકા બાંધી હતી. પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલે ઋણ સ્વીકાર કર્યો હતો. કેમ્પસ ડાયરેકટરશ્રી પિછોલીયાએ ઉપસ્થિત રહી સહુને પ્રોત્સાહિત કર્યા હતા.

અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં સુરત વી.ટી. ચોકસી કોલેજ ઓફ એજયુકેશનના પ્રાચાર્યશ્રી ડૉ. વી.જી. પટેલનું સાચો શિક્ષક કહેશો કોને ? આ વિષય પર મનનીય પ્રવચન યોજાઈ ગયું. ડૉ. વિનોદભાઈ પટેલે પોતાના વ્યાખ્યાન દરમ્યાન સાચા અને આદર્શ શિક્ષકના લક્ષણો પોતાની આગવી રજૂઆત શૈલી સાથે રજૂ કર્યા હતા. તેઓએ શિક્ષક સાહિત્યિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિકતાના ભાવ ધરાવતો હોવો જોઈએ એ વાત સાથે શિક્ષક હોવું એટલે સાધક હોવુંની ઉમદા વાત વિવિધ રસપ્રદ ઉદાહરણો અને પ્રસંગોના અનુબંધથી ભાવાત્મક અને રસાળ શૈલીથી રજૂ કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત આચાર્યશ્રી કૃણાલભાઈ પંચાલે ડૉ. વી.જી. પટેલ પરીચય આપી તેમને આવકાર આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવિશાબેન ઉમરાળિયા અને આભારવિધિ પ્રા. વાસંતીબેન પરમાર કરી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામા રાષ્ટ્રીય સેવા યોજના અને વિમેન્સ એસના ઉપક્રમે તા. ૧૩-૮-૧૨ના રોજ "બહેનોના રક્ષણ માટેની કાયદાકીય જોગવાઈઓ" વિષય ઉપર પોલીસ ઈન્સ્પેકટરશ્રી નકુમનું માર્ગદર્શન ઓડિયો-વિજ્યુઅલ માધ્યમથી યોજાઈ ગયું. જેમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી હતી. તા. ૧૭-૮-૧૨ના રેજ પ્લાનિંગ ફોરમ કમિટિ દ્વારા એલ.આઈ.સી. ઓફિસરશ્રી વિજયભાઈ ગાંધીનું "બેન્કિંગ" વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. સામુદાયિક સેવાધારા અને એન.એસ.એસ.ના ઉપક્રમે તા. ૨૨-૮-૧૨ના રોજ "મહિલાઓ માટે કાયદાકીય જોગવાઈઓ" વિષય ઉપર અસ્તિત્વ મહિલા ઉત્કર્ષ સંસ્થા, વલસાડના ટ્રસ્ટી શ્રીમતી ગીરીબાળાબેન આચાર્યનું વ્યાખ્યાન યોજાઈ ગયું. ગુજરાત સરકાર અને કે.સી.જી. પ્રેરિત ઉદિશા કલબના ઉપક્રમે તા. ૨૨-૮-૧૨ના રોજ કેરિયર ગાઈડન્સ અને એન્ટ્રન્સ પરીક્ષા અંગે શ્રી દિપેશભાઈ શાહ

દ્વારા ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. પ્લાનિંગ ફોરમ કમિટિના ઉપક્રમે તા. ૩૦-૮-૧૨ના રોજ નેશનલ ગ્રુપ, સુરતના હેતલબેન ગજ્જરે 'હાવ ટુ પ્રિપેર પ્રોજેકટ રીપોર્ટ' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તથા સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકાર તાલીમના વર્ગો''નું તા. ૨૭-૮-૧૨ તા. ૧-૯-૧૨ દરમિયાન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ ''સહકાર અને માનવ જીવન'' વિષે વિસ્તૃત સમજૂતી વિદ્યાર્થીઓને આપી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા. કે.એસ. સુતરીયાએ તથા પ્રા. હર્ષદભાઈ પટેલે પ્રયત્ન કર્યો છે. કાર્યક્રમની માહિતી સુરત જીલ્લા સહકારી સંઘના કાર્યકર શ્રી કે.ઝેડ. ચૌધરી અને શ્રીમતિ પાર્વતીબેન પટેલે વિદ્યાર્થીઓને આપી સહકાર અંગે માહિતગાર કર્યા.

## સમિતિ

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની રચના કરવામાં આવી હતી. જે પૈકી સામાન્ય મંત્રી તરીકે શેખ એઝાઝભાઈ, સાંસ્કૃતિક સમિતિ-સાવલિયા કાજલબેન, સામયિક સમિતિ-આહિર અર્ચનાબેન, જીમખાના સમિતિ - ગાય પ્રતિકભાઈ, પ્રવાસ સમિતિ - ચૌધરી અતુલભાઈ, નાણા સમિતિ - સેન બાલકૃષ્ણ, વાદ્‌સભા સમિતિ - પટેલ જાગૃતિબેન તથા પ્લાનિંગ ફોરમ સમિતિ - પટેલ સ્નેહાલીબેનની વરણી કરવામાં આવી હતી.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં વિવિધ સમિતિઓની રચનાકરવામાં આવી. જેમાં સાંસ્કૃતિક સમિતિમાં-મંત્રી શુકલ ધ્વનિ ટી. અને સહમંત્રી પટેલ પૂર્વી એચ. જીમખાના સમિતિમાં મંત્રી કાસોદરિયા વિલાસ ડી.સહમંત્રી સાદરાણી કૃણાલ એચ., નાણા સમિતિના મંત્રી સાદરાણી કૃણાલ એચ., અને સહમંત્રી મહેતા પુજા વાય. પ્રવાસ સમિતિના મંત્રી ચાવડા પ્રકાશ બી. અને સહમંત્રી પટેલ હેતલ પી. સાહિત્યિક સમિતિના પટેલ નિશા કે. અને સહમંત્રી સુરતી વિશાલ આર., મેગેઝીન સમિતિના મંત્રી મોદી કરણ ડી. અને સહમંત્રી પવાર માર્ટીના એફ., પ્લાનિંગ સમિતિના મંત્રી ચપટવાલા ચૈતાલી વી., અને સહમંત્રી ભંડારી અંકિતા એસ., બુલેટીન બોર્ડ સમિતિના મંત્રી કટારિયા નિકુંજ એ. અને સહમંત્રી પટેલ મોહિની આર., કેમ્પસ ડેવલપમેન્ટ સમિતિના મંત્રી પટેલ રાહુલ બી. અને સહમંત્રી પટેલ અનંત એસ., ગ્રંથાલય સમિતિના મંત્રી ચૌધરી પૂર્વી એલ. અને સહમંત્રી દેશપાંડે ઋજુતા એસ. પ્રેસનોટ સમિતિના મંત્રી પટેલ રાગીની એમ. અને સહમંત્રી પટેલ જિજ્ઞા એ., સ્કાઉટ સમિતિના મંત્રી આસમાની ધીરાજ એમ. અને સહમંત્રી પટેલ ડિમ્પલ આર., કોલેજના જનરલ સેક્રેટરી ચાવડા પ્રકાશ પી., સી.આર. માવાણી હેતલ ડી. અને એલ.આર., ચૌધરી પૂર્વી એલ.ની વરણી કરવામાં આવી હતી.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, એમ.એડ્.માં વિદ્યાર્થીમંડળની રચના કરવામાં આવી. સામાન્ય મંત્રી : કિરીટ પુરોહિત, લેડીસ રિપ્રેસન્ટેટીવ : નિલમ પટેલ, માર્ગદર્શન સમિતિ મંત્રી : દિપેન પટેલ, આયોજન સમિતિ મંત્રી : મૈકલ પટેલ, શિસ્ત સમિતિ મંત્રી : કાનન ભટનાગર, પરીક્ષા સમિતિ મંત્રી : પ્રિયંકા પટેલ, જિમખાના સમિતિ મંત્રી : પ્રશાંત સોલંકી, સ્ટેજ સમિતિ મંત્રી : ઈલા ગામીત, પ્રવાસ સમિતિ મંત્રી : ભૂમિકા પટેલ, પ્લેસમેન્ટ સમિતિ મંત્રી : નિરવ પટેલ, પ્રાર્થના સમિતિ મંત્રી : કૃતિકા પટેલ, નાણાં સમિતિ મંત્રી : રિનલ મોદી, સાંસ્કૃતિક સમિતિ મંત્રી : સુનિલ રેવર, સાહિત્યિક સમિતિ મંત્રી : નિમિષા મિસ્ત્રી, લાયબ્રેરી સમિતિ મંત્રી : આરતી વાઘ.

## સેમિનાર



બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારીના ભૌતિકશાસ્ત્ર વિભાગ અંતર્ગત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સહયોગથી The God Particle Demystified વિષય પર TIFRના ડૉ. કજરી મજુમદાર અને PRLના ડૉ. રાઘવન રંગરાજન અને સરદાર પટેલ યુનિવર્સિટીના ડૉ. પી.સી. વિનોદકુમારે વિષય સંબંધિત તલસ્પર્શી માહિતી આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વી.ન.દ.ગુ.યુ.ના પ્રો. પોરીયા અને એસ.બી. ગાર્ડા કોલેજના ટ્રસ્ટીશ્રી અસ્પીભાઈ ફનીબંદાએ સંબોધન કર્યું હતું. આ પ્રસંગે શ્રી દીનેશભાઈ દાસા, શ્રી ઉન્મેશ પંડયા, વિવિધ કોલેજોમાંથી ભૌતિકશાસ્ત્રના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. સેમિનારની માહિતી ડૉ. ડી.બી. પટેલે આપી હતી. ઈ.આ. ડૉ. દીનાબેને આવકાર આવ્યા હતા. શ્રી કમલેશભાઈએ આભારવિધિ અને સંચાલન ડૉ. કિર્તીદા વૈદે કર્યું હતું.

## વાર્તાલાપ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ' તા. ૨૪-૮-૧૨ના રોજ યોજાયો હતો. જેમાં પાંચ વિદ્યાર્થીએ અને એક અધ્યાપકે પોતાના ગમતા પુસ્તક ઉપર વિચારો રજૂ કર્યા હતા.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com